# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩



ખેડા જિલ્લામાં મેઘરાજાની તોફાની બેટિંગ | કપડવંજમાં ગટરનો સ્લેબ તૂટતા મહિલા અને ગાય ખાબક્યા

# નડિયાદ શહેરમાં અઢી ઈંચ વરસાદમાં જ પ્રી-મોન્સુન કામગીરીના ધજાગરા

**નડિયાદમાં** અંડરપાસ ગરકાવ થતા શહેર બે ભાગમાં વહેંચાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ખેડા જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ મન મૂકીને વરસવાનું શરૂ કરતા સમગ્ર જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને નડિયાદ અને કપડવંજમાં ધોધમાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી જનજીવન ખોરવાયું છે. છેલ્લા 34 કલાકમાં કપડવંજમાં 76 એમએમ અને નડિયાદમાં 61 એમએમ વરસાદ નોંધાયો છે. એક તરફ વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે, તો બીજી તરફ શહેરી વિસ્તારોમાં તંત્રની પ્રી-મોન્સુન કામગીરીના અભાવે નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.


તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

### ક્યા તાલુકામાં કેટલો વરસાદ પડ્યો ?

ખેડા જિલ્લામાં કપડવંજમાં 76 મિમી, નડિયાદમાં 61 મિમી, ફાગવેલમાં 28 મિમી, મહુધામાં 23 મિમી, કઠલાલમાં 19 મિમી, ગળતેશ્વરમાં 13 મિમી, ઠાસરામમાં 09 મિમી અને મહેમદાવાદ - વસોમાં 05 મિમી વરસાદ પડ્યો હતો.

નડિયાદમાં કાંસ સફાઈના અભાવે રસ્તાઓ નદીમાં ફેરવાયા નડિયાદ મનપાએ કાંસ સફાઈનું ટેન્ડર છેક અંતિમ સમયે પાસ કરતા અને કામગીરી અત્યંત ધીમી હોવાથી શહેરની હાલત કફોડી બની છે. 3જી જુલાઈના રોજ બપોરે માત્ર બે કલાકમાં જ 59 મિમી વરસાદ ખાબકતા શ્રેયસ, માઇ મંદિર અને ખોડિયાર અંડરપાસ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે શહેર પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં સંપર્ક વિહોણું બન્યું હતું. દેસાઈ વગો, સરદાર સ્ટેચ્યુ, મરીડા ભાગોળ અને કિડની સર્કલ જેવા વિસ્તારોમાં કેડસમા પાણી ભરાયા હતા.

### કપડવંજમાં ભ્રષ્ટાચારની પોલ ખુલી પડી



કપડવંજની ભૂમિ સોસાયટીમાં પાલિકાના ભ્રષ્ટાચારનો જીવતો જાગતો પુરાવો જોવા મળ્યો છે. માત્ર 5 વર્ષ પહેલાં જ બનાવેલો ગટરનો સ્લેબ અચાનક તૂટી પડતા એક 50 વર્ષીય મહિલા અને ગાય ગટરમાં ખાબક્યા હતા. ઈજાગ્રસ્ત મહિલાને માથાના ભાગે 5 ટાંકા આવ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ખતરો ટળ્યો નથી: ‘નાઉકાસ્ટ’ એલર્ટ જાહેર

હવામાન વિભાગ દ્વારા ખેડા જિલ્લા માટે ‘નાઉકાસ્ટ’ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ 41થી 60 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવા સાથે વીજળી પડવાની 60 ટકા શક્યતા વ્યક્ત કરાઈ છે. તંત્ર દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને વીજ તાર કે પાણી ભરાયેલા વિસ્તારોથી દૂર રહેવા તાકીદ કરવામાં આવી છે.

આણંદમાં પ્રથમ વરસાદે જ પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખોલી

# આણંદ શહેરમાં માત્ર ૧૦ મિનિટના વરસાદથી ઝાપટાંથી જળબંબાકાર

**મનપાની** ઓફિસથી 200 મીટરના અંતરે જ રસ્તાઓ નદી બન્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદને મહાનગરપાલિકાનો દરજ્જો તો મળ્યો, પરંતુ વહીવટી તંત્રની ઘોર બેદરકારીને કારણે શહેરીજનોની હાલાકીમાં ઘટાડો થવાને બદલે વધારો થયો છે. લાખો રૂપિયાની પ્રિ-મોન્સૂન ગ્રાન્ટ જાણે અધિકારીઓ અને સત્તાધીશો ઓહિયા કરી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સીઝનના પ્રથમ વરસાદના માત્ર બે ઝાપટાએ જ મનપાની કામગીરીને પાણીમાં તરતી કરી દીધી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, કરમસદ - આણંદ મનપાની કચેરીથી માત્ર 100 થી 200 મીટરના અંતરે આવેલા ડી.એન. હાઈસ્કૂલ, જૂનું ફાયર સ્ટેશન, જલારામ મંદિર અને ગોયા તળાવ જેવા વિસ્તારોમાં માત્ર 10 મિનિટના વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહનચાલકો અને રાહદારીઓ અટવાયા હતા, અને અનેક વાહનો બંધ પડી જવાની ઘટનાઓ બની હતી. જો મુખ્ય વિસ્તારોની આ હાલત હોય, તો સ્લમ વિસ્તારોની સ્થિતિ કેટલી બદતર હશે તેવો પ્રશ્ન ઉઠી રહ્યો છે.



### સૌથી વધુ ખંભાતમાં ૬૩ મિમી વરસાદ ખાબક્યો

આણંદ જિલ્લામાં સાંજના 4 કલાક સુધીમાં તારાપુરમાં 28 મિમી, સોજિત્રામાં 42 મિમી, ઉમરેઠમાં 17 મિમી, આણંદમાં 1 મિમી, પેટલાદમાં 36 મિમી, ખંભાતમાં 63 મિમી, બોરસદમાં 2 મિમી અને આંકલાવમાં 8 મિમી મળી સરેરાશ 24.63 મિમી એટલે કે એક ઈંચ વરસાદ પડ્યો હતો.

# આણંદ મામલતદાર કચેરીમાં ત્રણ વચેટિયા શખસ પકડાયાં

**જાહેરનામાના** ભંગ બદલ વચેટીયાઓ વિરુદ્ધ ત્રણ ગુના દાખલ

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ શહેરની મામલતદાર કચેરી બહાર ગેરકાયદેસર રીતે એજન્ટોની ટોળી બનાવીને નિર્દોષ નાગરિકોને ગેરમાર્ગે દોરતા અને પૈસા પડાવતા વચેટીયાઓ વિરૂદ્ધ આણંદ ટાઉન પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. સરકારી કચેરીના ૧૦૦ મીટરના પ્રતિબંધિત વિસ્તારમાં એજન્ટ તરીકે પ્રવૃત્તિ કરવા પર મનાઈ હોવા છતાં, જાહેરનામાનો ભંગ કરનાર ત્રણ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા છે.

આણંદ મામલતદાર કચેરીમાંથી મળેલી ટેલીફોનિક બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને ઓચિંતી રેડ પાડી હતી. આ દરમિયાન કચેરી પરિસરમાં સ્ટેશનરીના સાધનો સાથે બેસીને અરજદારોને લલચાવી-ફોસલાવી પૈસા પડાવતા ત્રણ શખ્સો મળી આવ્યા હતા. પોલીસે તેમની સત્તાવાર હાજરી અંગે પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો.

આ શખસોની પૂછપરછ કરતાં લાલજીભાઈ સોલંકી (ઉં.વ. ૬૨, રહે. વડોદ), જયશ્રીબેન વ્યાસ (ઉં.વ. ૪૫, રહે. આણંદ) અને કોકીલાબેન જાદવ (ઉં.વ. ૬૬, રહે. કરમસદ) હોવાનું જણાવ્યું હતું. આ ત્રણેય જાહેરનામાનો ભંગ કરી વચેટીયા તરીકે કામ કરતા હોવાનું જણાયું હતું. આથી, તમામ વિરૂદ્ધ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

ખેડા પાલિકાના ચીફ ઓફિસર અને કારોબારી ચેરમેન વચ્ચે ‘ખો-ખો’ની રમત

# ખેડા પાલિકામાં એજન્સીને ‘બ્લેકલિસ્ટ’ કરવામાં શાસકોના હાથ ધ્રુજી રહ્યાં છે!

**એજન્સી** સામે નબળી કામગીરીની વ્યાપક ફરિયાદ છતાં ઠરાવ કરવામાં ઠાગાઠૈયા

(પ્રતિનિધિ) ખેડા તા.૩

ખેડા પાલિકામાં વિકાસના કામોના નામે ભ્રષ્ટાચાર ફુલ્યોફાલ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ખાસ કરીને હિતેશ જે. મિસ્ત્રીની એજન્સી દ્વારા કરવામાં આવતા રોડ-રસ્તાના કામોમાં હલકી ગુણવત્તા અને નિયમો વિરુદ્ધ સબલેટમાં કામ કરાવવાની ગંભીર ફરિયાદો ઉઠી છે. આશ્ચર્યની વાત એ છે કે ખુદ પાલિકાના પ્રમુખ અને સમિતિના ચેરમેનોએ લેખિત રજૂઆતો કરી હોવા છતાં, વહીવટી તંત્ર અને ચૂંટાયેલી પાંખ એકબીજા પર દોષારોપણ કરીને ભ્રષ્ટ એજન્સીને છાવરી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે.

ખેડા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વિકાસના કામોમાં વ્યાપક ગેરરીતિઓની બૂમ ઉઠી છે. હિતેશ જે. મિસ્ત્રી નામની એજન્સી દ્વારા રોડ-રસ્તાના કામોમાં અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવતું હોવાની અને એજન્સી પોતે કામ કરવાને બદલે અન્યને સબલેટમાં કામ સોંપી દેતી હોવાની ફરિયાદો પાલિકાના પ્રમુખ, કારોબારી ચેરમેન અને ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેને ચીફ ઓફિસર સમક્ષ કરી હતી.

આ અંગે સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા પણ મીડિયા અહેવાલોને ટાંકીને કારોબારી સમિતિમાં અરજી કરવામાં આવી હતી કે આ એજન્સીને તાત્કાલિક અસરથી ‘બ્લેકલિસ્ટ’ કરવામાં આવે. જોકે, સત્તાના નશામાં ચૂર કે પછી અંગત હિતોના કારણે, કારોબારી સમિતિની બેઠકમાં આ મહત્વની અરજીને વંચાણે જ લેવામાં આવી નહોતી. ખેડા પાલિકામાં ભ્રષ્ટાચારના મામલે ચીફ ઓફિસર અને કારોબારી ચેરમેન વચ્ચે ચાલતી આ ‘ખો-ખો’ની રમતમાં અંતે તો જનતાના પૈસાનું ધોવાણ થઈ રહ્યું છે.

### તંત્રની આડોડાઈ અને બહાનાબાજી

આ અંગે ચીફ ઓફિસર બીજલ સોલંકીનું કહેવું છે કે, અરજી વંચાણે લેવા માટે શેરો માર્યો હતો, પરંતુ એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની સત્તા મારી પાસે નથી. બીજી તરફ, કારોબારી ચેરમેન અંકિત પટેલે ટેકનિકલ બાબતોનું બહાનું ધરીને જણાવ્યું હતું કે જ્યાં સુધી એન્જિનિયરનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી નિર્ણય લઈ શકાય નહીં.

# આંકલાવમાં જુગારના અડ્ડા પર પાંચ રંગેહાથ ઝડપાયા

**જાંબુડી વિસ્તારમાં** પોલીસ ત્રાટકી; રોકડ સહિત રૂ. ૮,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૩

આંકલાવના જાંબુડી વિસ્તારમાં કેળના ખેતરની આડમાં ચાલતા હાર-જીતના જુગારધામ પર આંકલાવ પોલીસે દરોડો પાડી પાંચ ઈસમોને ઝડપી પાડી જેલભેગા કર્યા છે.

આંકલાવ પોલીસને બાતમી મળી હતી કે દીવાન ટેકરે રહેતો હિદાયતશા દીવાન પોતાના અંગત ફાયદા માટે માણસો ભેગા કરી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી જાંબુડી વિસ્તારમાં કેળના ખેતરમાં ઓચિંતી રેડ કરી હતી, જ્યાં જુગારની મહેફિલ જામી હતી. પોલીસે સ્થળ પરથી પાંચ શખ્સોની ધરપકડ કરી છે, જેમાં મુખ્ય સૂત્રધાર હિદાયતશા સલીમશા દીવાન (રહે. આંકલાવ), જીગ્નેશ કાભઈ (રહે. આંકલાવ), ઈસુભા ચંદુભા રાજ (રહે. આંકલાવ), રમેશ પુજા પરમાર (રહે. ડાકોર) અને ઈમરાન ઉર્ફે લોટી વ્હોરા (રહે. આંકલાવ)નો સમાવેશ થાય છે.

આ દરોડામાં પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી રૂ. ૭,૫૮૦ તથા દાવ પરથી મળેલ રૂ. ૬૨૦ અને પત્તાની કેટ મળી કુલ રૂ. ૮,૨૦૦નો મુદ્દામાલ તપાસ અર્થે જપ્ત કર્યો છે. આ મામલે આંકલાવ પોલીસે તમામ પાંચેય આરોપીઓ સામે જુગાર ધારાની કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત

# આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠક માટે ૨૮મીએ ચૂંટણી યોજાશે

**૧૪મી જુલાઈ** સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે અને ૩૦ જુલાઈએ મતગણતરી હાથ ધરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૩

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આણંદ જિલ્લા પંચાયતની ખાલી પડેલી પાળજ બેઠક અને ખેડા જિલ્લામાં ફાગવેલ ખાતેની ચીખલોડ-૦૧ બેઠક સહિત રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કુલ ૧૫ બેઠકો માટે પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ જાહેરાત સાથે જ આણંદ જિલ્લામાં રાજકીય ગરમાવો તેજ થયો છે.

આ ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ મુજબ, આ પેટા ચૂંટણી માટે ૦૯મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૪મી જુલાઈ નક્કી કરવામાં આવી છે. બાદ ૧૫મી જુલાઈના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને ૧૬ જુલાઈ સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. પાળજ બેઠક માટે મતદાન ૨૮મી જુલાઈ ૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ કલાક સુધી યોજાશે. જો પુનઃ મતદાનની જરૂર જણાશે તો તે ૨૯ જુલાઈના રોજ યોજાશે. આ ચૂંટણીની મતગણતરી ૩૦ જુલાઈ ના રોજ હાથ ધરવામાં આવશે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

નોંધનીય છે કે, રાજ્ય ચૂંટણી આયોગે આણંદ જિલ્લા પંચાયતની ૧ બેઠક ઉપરાંત જુનાગઢ મહાનગરપાલિકા, વિવિધ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની ખાલી પડેલી કુલ ૧૫ બેઠકો માટે પણ આ જ સમયપત્રક મુજબ ચૂંટણીની જાહેરાત કરી છે.

સીડીપીઓના એપ્રુવલના ચક્કરમાં અરજી અટવાઈ

# ખેડા જિલ્લામાં દાખલા માટે વહીવટી ગૂંચથી પ્રજા પરેશાન

**તલાટી** પાસેથી સત્તા છીનવાતા કામગીરી ગોકળગાયની ગતિએ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

રાજ્ય સરકાર દ્વારા જન્મ અને મરણના દાખલા કાઢવાની પ્રક્રિયામાં કરવામાં આવેલા ફેરફારને કારણે ખેડા જિલ્લાના નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અગાઉ તલાટી-કમ-મંત્રી દ્વારા સરળતાથી અપાતા દાખલા માટે હવે સીડીપીઓનું એપ્રુવલ ફરજિયાત બનાવવામાં આવતા સમગ્ર વહીવટી પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે.

હાલમાં શાળા-કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે જન્મના દાખલા સમયસર ન મળતા વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ ઉપરાંત, આવક અને જાતિના પ્રમાણપત્રો તેમજ કાનૂની દ્રષ્ટિએ મહત્વના એવા વારસાઈ હક અને પેઢીનામાની કામગીરી પણ દાખલાઓના અભાવે અટકી પડી છે. ઓનલાઈન પોર્ટલ પર નોંધણી થયા છતાં સીડીપીઓ સ્તરેથી મંજૂરી ન મળતા દાખલા ઈશ્યૂ થઈ શકતા નથી. વહીવટી તંત્રની ધીમી ગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દરરોજ અંદાજે 40 થી 50 નવી અરજી આવે છે, જેની સામે માંડ 10થી 15 દાખલાઓને જ મંજૂરી મળે છે. પરિણામે, હાલમાં સમગ્ર જિલ્લામાં અંદાજે અઢી હજાર જેટલી અરજી પેન્ડિંગ છે.

ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી સુદ્રઢ બનાવવા કલેક્ટરે પંચાયત દફતરની ચકાસણી કરી

# કલેક્ટરની મલારપુરા-કાશીપુરા ગ્રામ પંચાયતમાં ઓચિંતી તપાસ

**શાળા અને** આંગણવાડીની મુલાકાત લઈ વ્યવસ્થા સુધારવા આપી તાકીદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ખેડા જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ વહીવટી કાર્યક્ષમતા વધારવાના ભાગરૂપે કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે ખેડા તાલુકાના મલારપુરા અને કાશીપુરા સંયુક્ત ગ્રામ પંચાયતની આકસ્મિક મુલાકાત લીધી હતી. કલેક્ટરની આ ઓચિંતી તપાસને પગલે સ્થાનિક વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

આ મુલાકાત દરમિયાન કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે પંચાયત કચેરીના રોજબરોજના વહીવટ, વિવિધ ચોપડાઓ અને અગત્યના દસ્તાવેજોની બારીકાઈથી તપાસ કરી હતી. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા અને વિકાસના કામોમાં પારદર્શિતા લાવવા માટે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પંચાયતની તપાસ બાદ કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે ગામની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની હાજરી અને શિક્ષણના સ્તરની સમીક્ષા કરી હતી. આ સાથે આંગણવાડી કેન્દ્રમાં બાળકોને અપાતા પોષણક્ષમ આહારની વિગતો મેળવી હતી. તપાસ દરમિયાન માલૂમ પડેલી ક્ષતિઓ તાત્કાલિક દૂર કરવા તેમણે સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપી હતી.

આ તપાસમાં ખેડા પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તલાટી-કમ-મંત્રી અને સરપંચ સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. કલેક્ટરની આ કડક કાર્યવાહીથી અન્ય ગ્રામ પંચાયતોના વહીવટી તંત્રમાં પણ સતર્કતા જોવા મળી રહી છે.

# નડિયાદમાં વૃદ્ધના દેહદાનથી ભાવિ ડોક્ટરોને મળ્યો ‘પ્રથમ શિક્ષક’

**ભત્રીજાએ** કાકાના સંકલ્પને પૂર્ણ કરી સમાજને નવો રાહ ચીંધ્યો;

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

તબીબી વિજ્ઞાનના અભ્યાસમાં માનવ દેહનું મહત્વ સર્વોપરી છે, ત્યારે નડિયાદમાં માનવતા અને સેવાના સમન્વય જેવો એક પ્રેરણાદાયક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ૭૮ વર્ષીય રહેવાસી સ્વ. રોહિતભાઈ જશભાઈ પટેલે જીવિત અવસ્થામાં લીધેલો દેહદાનનો સંકલ્પ તેમના મૃત્યુ બાદ પરિવારે પૂરો કર્યો છે. ડો. એન.ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચને મળેલું આ ૩૪મું દેહદાન છે, જે તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે માઈલસ્ટોન સાબિત થશે.

નડિયાદના રોહિતભાઈએ માનવજાતના કલ્યાણ અર્થે પોતાનો દેહ મેડિકલ રિસર્ચ માટે આપવાનો નિર્ણય લીધો હતો. તેમના અવસાન બાદ, આ સંકલ્પને તેમના ભત્રીજા અતુલભાઈ હસમુખભાઈ પટેલે પૂર્ણ કરી સામાજિક જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સંસ્થાએ આ ઉમદા કાર્ય બદલ પરિવારનો આભાર વ્યક્ત કર્યો છે, કારણ કે આવા દાન જ સમાજમાં દેહદાન પ્રત્યેની જાગૃતિ લાવવામાં નિમિત્ત બને છે.

આ સેવાયજ્ઞના ભાગીદાર સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉમદા તબીબી અભ્યાસ અને સંશોધન માટે સંસ્થા ૨૪ કલાક દેહદાન સ્વીકારે છે. જો કોઈ વ્યક્તિ દેહદાનનો સંકલ્પ કરવા ઈચ્છતી હોય, તો તેઓ સંસ્થાના એનાટોમી વિભાગમાં જઈને સંકલ્પ પત્ર ભરી શકે છે.

### ‘રાખ’ થવાને બદલે ‘રોશની’ બનતો દેહ

સામાન્ય રીતે મૃત્યુ બાદ દેહને અગ્નિસંસ્કાર આપી રાખમાં પરિવર્તિત કરી દેવામાં આવે છે, પરંતુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ આ દેહને ‘પ્રથમ શિક્ષક’ તરીકે સંબોધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વિદ્યાર્થીઓ માટે પુસ્તકીયા જ્ઞાન કરતા મૃત માનવદેહનું ડિસેક્શન (શરીર રચનાનો અભ્યાસ) વધુ મહત્વનું હોય છે. આ દેહદાન એ માત્ર અંગોનું દાન નથી, પરંતુ આવનારી પેઢીના ડોક્ટરોને મળતું ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ અને સંશોધનનું માધ્યમ છે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225